# માધવશક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ

## દાન શા માટે કરવું ?

| ક્રમ | દાનનો પ્રકાર | દાનનું પુણ્ય | ટ્રસ્ટ દ્વારા થતું સેવાકાર્ય |
|---|---|---|---|
| 1 | સેવા કાર્ય | **सेवा परमो धर्म**<br>સેવા એ જ પરમ ધર્મ છે.<br>**न हि कल्याणकृत**<br>**कश्चिद् दुर्गतिं तात गच्छति ॥ (ગીતાજી)**<br>જે બીજાનું ભલું કરે છે એનું અકલ્યાણ કદી પણ થતું નથી.<br>એક નાનકડું દાન તમારી હજારો મુશ્કેલીઓથી દુર કરે  છે. | અશક્ત, દૂબળા, નિઃસહાય, નિરાધાર વ્યક્તિઓને જ્ઞાતિ-જાતીના ભેદભાવ વિના ટ્રસ્ટ તરફથી જરૂરીયાતમંદને મદદ |
| 2 | શિક્ષણ સહાય | **“વિદ્યા દાન એ મહાદાન”**<br>**વિદ્યાદાન શ્રેષ્ઠ અને અતિ દુર્લભ દાન છે. જે લેનાર તથા દેનારનું આ લોક અને પરલોકમાં કલ્યાણ કરે છે.**<br>શિક્ષણ સહાય માં કરેલ દાન તમને અને તમારા બાળકોને બૌદ્ધિક તથા શિક્ષણ ક્ષેત્રે અકલ્પનીય સફળતા અપાવે છે. | ઝુંપડ પટ્ટી જેવા વિસ્તાર કે જ્યાં સ્કૂલ-બાલમંદિર કે પ્રાથમિક અભ્યાસની સગવડતા બિલકુલ નથી ત્યાં પ્રાથમિક શિક્ષણ ઉપરાંત જીવનમાં સ્વચ્છતા તથા સ્વાસ્થ્ય જળવાય તેવી શિક્ષા અને સાથે બાળકોને નાસ્તો, ઇત્તર પ્રવૃત્તિઓ કરવાની સેવા<br><br>ગરીબ અને આર્થિક રીતે ખુબ નબળા વર્ગના વિદ્યાર્થીઓ ને ઉત્તરોતર અભ્યાસ માં પુસ્તકો, સ્કુલ ફી તથા ટ્યુશન ફી જેવી જરૂરીયાત પુરી પાડવાની સેવા |

| | | | |
|---|---|---|---|
| 3 | મેડીકલ સહાય | રોગી તેમજ શારીરિક – માનસિક કષ્ટોથી પીડાતા લોકો ને દાન કરવાથી દાતા અને તેનો પરિવાર ઉપરાંત આવનારી પેઢી આરોગ્યપ્રદ તથા સ્વસ્થ જીવન જીવી શકે છે.<br>અરે ! મહામારી માંથી પણ ઉગારી દેશે. | શારીરિક – માનસિક રોગ થી પીડાતા તથા જરુરીયાતમંદ લોકોને મેડીકલ સેવા જેમકે ઉપચાર સબંધિત ખર્ચાઓ, દવાનો ખર્ચ અને જરૂર પડે ત્યાં ઓપેરશન જેવા ખર્ચાઓ માટે સેવા |
| 4 | માસિક રેશન સહાય | **“અન્નથી જ શરીર ચાલે છે. અન્ન એ જ જીવનનો આધાર છે. અન્ન પ્રાણ છે આથી એનું દાન પ્રાણદાન સમાન છે.”**<br><br>અન્નદાનથી ભુખ્યાની ભુખ મટે, ભુખ મટે તો મનને સંતોષ મળે સંતુષિત મન દુવાઓ દેશે અને એ દુવાઓ તમારા ઘરમાં અન્નના ભંડારો ને ક્યારેય ખાલી થવા નહિ દે !!!! | નિરાધારો, અશક્તો અને ખરેખર જરૂરિયાતમંદ લોકોને શોધીને તેમની પરિસ્થિતિ ને ઊંડાણપૂર્વક ચકાસીને તેઓને માસિક રેશન સામગ્રીની સેવા |
| 5 | ગૌ સેવા | સર્વેષામેવ ભૂતાનાં ગાવ: શરણમુક્તતમ \|<br>સર્વ લોક માં ગાય માત્ર જ સર્વે પાપોથી મુક્ત કરનારી છે.<br><br>ગાય માં 33 કરોડ દેવતાઓ વસે છે તદુપરાંત ગાય એ માતા લક્ષ્મીજી નું સ્વરૂપ છે. ગાયો ને ઘાસચારો કે નીરણ ખવડાવાથી સર્વ મનોકામના સિદ્ધિ અને વિશેષ સ્થિર લક્ષ્મી પ્રાપ્તિ થાય છે. | ગૌ-શાળા કે અન્યત્ર જગ્યાઓએ ખાસ કરીને વૃધ્ધ, બીમાર કે ખોડખાપણ વાળી ગાયોને ટ્રસ્ટ દ્વારા ઘાસચારો, નીરણ કે અન્ય ઉપયોગી સેવા |

| | | | |
|---|---|---|---|
| 6 | પર્યાવરણીય સેવા | "SAVE TREES TO SAVE ENVIRONMENT,<br>SAVE ENVIRNMONT TO SAVE THE EARTH"<br>**"પર્યાવરણ બચાવવા માટે વૃક્ષો બચાવો,<br>પૃથ્વીને બચાવવા માટે પર્યાવરણ બચાવો"**<br>એક વૃક્ષ એક જીવન – પર્યાવરણીય સેવા આપણી આવતી પેઢીઓ ને સુખી-સ્વસ્થ જીવન અર્પણ કરશે. એક વૃક્ષ નો ઉછેર આપણને એક જીવન દાન નું પુણ્ય આપશે. | ટ્રસ્ટ દ્વારા વૃક્ષારોપણ તથા વૃક્ષ ઉછેર જેવી પર્યાવરણીય સેવા |
| 7 | આફતોમાં સહાય | "DISASTER IS AN OPPORTUNITY TO DONATE."<br>"આપત્તિ એ દાન કરવાની એક તક છે."<br><br>કુદરતી કે માનવ-નિર્મિત આફતોમાં દાન ની તક ઝડપી લેનાર ઉપર ઈશ્વર કોઈ આફત આવા દેતા નથી. તેના માટે તલવાર નો ઘા સોઈ નો બની જાય! | કુદરતી અને આરોગ્ય સબંધી આફતો કે મહામારીમાં ટ્રસ્ટ દ્વારા જીવનજરૂરી વસ્તુઓ પહોચાડવાની સેવા |

**યજ્ઞમાં ધર્મરાજ યુધિષ્ઠિર ને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે "શ્રેષ્ઠ દાન કયું છે ?"**

**ધર્મરાજ યુધિષ્ઠિરે જવાબ આપ્યો કે "જે દાન સુપાત્ર (યોગ્ય વ્યક્તિ) ને કરવામાં આવે, જે પ્રાપ્ત થયેલ દાનને સર્વશ્રેષ્ઠ સેવાકાર્યો માં ઉપયોગ કરે, તેવા જ સુપાત્ર ને આપેલ દાન શ્રેષ્ઠ છે અને તે જ અક્ષય પુણ્ય આપનારૂ છે." – મહાભારત**